# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Monday** **National News**

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

***************************************************

- પશ્ચિમ બંગાળનાં જલપાઈગુડી પાસે પેસેન્જર ટ્રેન સાથે માલગાડી ટકરાતા પાંચ યાત્રીઓ અને ત્રણ રેલવે કર્મચારી સહિત આઠનાં મોત..
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વારાણસીમાં પીએમ કિસાન નિધીનો 17મો હપ્તો જાહેર કરશે- બુધવારે બિહારમાં નાલંદા યુનિવર્સીટીના કેમ્પસનું ઉદઘાટન કરશે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં યોજાનારી બેઠકમાં મણિપુરની સલામતીની સ્થિતિની સમીક્ષા કરશે...
- આજે દેશભરમાં ઇદ અલ અદહાની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે..
- ટી-20 વિશ્વકપમાં શ્રીલંકાએ નેધરલેન્ડ્સને 83 રને અને બાંગલાદેશે નેપાળને 21 રને હરાવ્યું...

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# W.BENGAL RAIL ACCIDENT

પશ્ચિમ બંગાળમાં સિયાલદાહ જઈ રહેલી કાંચનજંગા એક્સપ્રેસ ટ્રેનને એક માલગાડીએ ટક્કર મારતાં પાંચ યાત્રી અને ત્રણ રેલવે કર્મચારી સહિત આઠ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે 30થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટના આજે સવારે ન્યૂ જલપાઈગુડી રેલવે સ્ટેશન પાસે સર્જાઈ હતી. કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ ઘટનાસ્થળે પહોંચવા રવાના થઈ ગયા છે.

રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ, માલગાડી સિગ્નલથી થોડી આગળ નીકળી ગઈ અને કાંચનજંગા એક્સપ્રેસ ટ્રેન સાથે અથડાઈ ગઈ હતી. ગાડીના છેલ્લા 2 ભાગમાં 2 પાર્સલ વાન અને ગાર્ડ કોચ લાગેલા હતા. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળની ટીમ અને 15 એમ્બુલન્સ દુર્ઘટનાસ્થળ પર પહોંચી હતી. પૂછપરછ માટે રેલવેએ વિવિધ સ્થળ પર હેલ્પ ડેસ્ક પણ બનાવ્યું છે. કાંચનજંગા એક્સપ્રેસ મામલે સિયાલદાહ સ્ટેશનનો હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, તેમણે અધિકારીઓ સાથે વાતચીત કરીને સ્થિતિની સમીક્ષા કરી છે. મૃતકોના નજીકના સગાને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખ રૂપિયા, જ્યારે ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય ચૂકવવાની જાહેરાત કરવામાં આવી છે.

# PM UP BIHAR VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વારાણસીમાં PM-કિસાન સન્માન નિધિ યોજનાનો 17મો હપ્તો જારી કરશે.. આ અંતર્ગત આશરે નવ કરોડ ત્રણ લાખ ખેડૂતોના ખાતામાં લગભગ 20 હજાર કરોડ રૂપિયા જમા કરવામાં આવશે.

આ યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં અત્યાર સુધીમાં 11 કરોડ ખેડૂતોના ખાતામાં ત્રણ લાખ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સ્વ-સહાય જૂથોની 30 હજારથી વધુ મહિલાઓને કૃષિ સખી તરીકેનાં પ્રમાણપત્રો એનાયત કરશે. શ્રી મોદી 18 અને 19 જૂનનાં રોજ ઉત્તરપ્રદેશ અને બિહારની મુલાકાતે જશે.

આવતીકાલે સાંજે તેઓ વારાણસીમાં દશાશ્વમેધ ઘાટ ખાતે ગંગા આરતીમાં ભાગ લેશે અને કાશી વિશ્વનાથ મંદિર ખાતે પુજા અર્ચના કરશે. 19મીએ સવારે તેઓ નાલંદાના અવશેષોની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ બિહારના રાજગીરમાં નાલંદા યુનિવર્સિટીના કેમ્પસનું ઉદઘાટન કરશે. તેઓ આ પ્રસંગેજન મેદનીને પણ સંબોધશે. નાલંદા યુનિવર્સિટી ભારત અને પૂર્વ એશિયાના દેશોનું સંયુક્ત જોડાણ છે.

ઉદઘાટન સમારોહમાં 17 દેશોનાં દૂતાવાસના વડા સહિત અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ ઉપસ્થિત રહેશે. આશરે 1600 વર્ષ પહેલાં નિર્મિત મૂળ નાલંદા યુનિવર્સિટીને વિશ્વની પ્રારંભિક રહેણાંક યુનિવર્સિટીઓમાંની એક ગણવામાં આવે છે. 2016માં નાલંદાના અવશેષોને યુનાઇટેડ નેશન્સ હેરિટેજ સાઇટ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાના અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આગામી કાર્યક્રમ માટે લોકો ટોલ ફ્રીનંબર 1800-11-7800 પર પોતાનાં વિચારો અને સૂચનો મોકલી શકે છે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા પર માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા પણ પોતાનાં વિચારો રજૂ કરી શેક છે. આ મહિનાની 28 તારીખ સુધીમાં સૂચનોને સ્વીકારવામાં આવશે. મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એરમોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશાવાણી હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે.

## SHAH- MANIPUR MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મણિપુરમાં સલામતીની સ્થિતિની સમીક્ષા કરવા નવી દિલ્હીમાં સાંજે ચાર વાગે ઉચ્ચ સ્તરીય બેઠકનું

અધ્યક્ષપદ સંભાળશે. બેઠકમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, લશ્કર તથા સલામતી દળોનાં અધિકારો ઉપસ્થિત રહે તેવી સંભાવના છે.

# JAISHANKAR-SULLIVAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવીદિલ્હીમાં અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન સાથે મુલાકાત કરી હતી. સોશિયલ મીડિયાના માધ્યયમથી શ્રી જયશંકરે જણાવ્યું હતું કે, બંને પક્ષો વચ્ચે દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિકમુદ્દાઓની વ્યાપક ચર્ચા કરાઇ હતી. તેમણે બંને દેશો તેમની વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત રીતે આગળ વધારવાનું ચાલુ રાખશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# **MID BREAK**

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# PREZ, PM - EID

મુસ્લિમ બિરાદરો આજે ઈદ અલ અદહાની ઉજવણી કરી રહ્યા છે. તેઓ ઈદગાહ અને મસ્જિદોમાં ઈદની નમાઝ અદા કરીને એકબીજાને ભેટીને ઈદની મુબારકબાદી આપી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ ઈદના પવિત્ર અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોશિયલ મીડિયાના માધ્યયમથી જણાવ્યું હતું કે, ઇદ-અલ –અદહા  એ ત્યાગ અને બલિદાનનો તહેવાર છે જે લોકોને દરેકસાથે ખુશીઓ વહેંચવાનો સંદેશ આપે છે.

ઉપરાષ્ટ્રપતિ  જગદીપ ધનખડે આ અવસરે લોકોને એકતા, કરુણાનાં મૂલ્યો પર ચિંતન કરવા હાકલ કરી હતી. પ્રધાનમંત્રી શ્રી મોદીએ જણાવ્યું છે કે ઇદ-અલ-અદહાનો આ અવસર સમાજમાં સૌહાર્દ અને એકતાના બંધનને વધુ મજબૂત કરશે. તેમણે દરેક વ્યક્તિ ખુશ અને સ્વસ્થ રહે તેવી શુભેચ્છા પણ પાઠવી હતી.

# PM-YOGA VIDEO

21મી જૂને 10માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પહેલા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સોશિયલ મીડિયા પર ભદ્રાસન કરતો  પોતાનો એક વીડિયો પોસ્ટ કર્યો છે, અને જણાવ્યું છે કે, ભદ્રાસન સાંધાને મજબૂત કરવા અને ઘૂંટણમાં દુખાવો ઘટાડવામાં અસરકારક છે, અને પેટ માટે પણ ફાયદાકારક છે. વિડિયોમાં અંગ્રેજી અને હિન્દી બંને ભાષાઓમાં સ્વાસ્થ્યના લાભો સાથે આસનની પ્રક્રિયા સમજાવવામાં આવી  છે.

# CDS JAMMU VISIT

ભારતીય સેનાના ત્રણેય પાંખના વડા જનરલ અનિલ ચૌહાણ આજે જમ્મુના પ્રવાસે જશે. અહીં શ્રી ચૌહાણ તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને સલામતીની સ્થિતિનું મૂલ્યાંકન કરશે. થોડા દિવસ પહેલાં જ કેન્દ્રિય અનામત પોલીસ દળના એક જવાન શહીદ થયા હતા. જ્યારે અન્ય એક આતંકવાદી હુમલામાં નવ તીર્થયાત્રીઓ સહિત અગિયાર લોકોના મોત નીપજ્યા હતા.

છેલ્લા 2 સપ્તાહમાં આતંકવાદીઓએ જમ્મુ-કાશ્મીરના રિયાસી, કઠુઆ અને ડોડા જિલ્લાના અનેક સ્થળોને નિશાન બનાવ્યા છે. આતંકવાદીઓએ રિયાસી જિલ્લામાં તીર્થયાત્રીઓને લઈ જતી બસ પર ગોળીબાર કર્યો હતો, જેના કારણે બસ ખીણમાં પડતાં નવ યાત્રીનાં મોત નીપજ્યા હતા.

આ હુમલામાં 41 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. દરમિયાન, એક અહેવાલ પ્રમાણે કેન્દ્રિય ગૃહમંત્રાલયે નવ જૂને તીર્થયાત્રીઓની બસ પર થયેલા આતંકી હુમલા અંગેની તપાસ રાષ્ટ્રીય તપાસ સંસ્થા– N.I.A.ને સોંપી છે.

## ECUADOR – LANDSLIDE

ઇક્વાડોરના મધ્ય તુંગુરાહુઆ પ્રાંતના મુખ્ય માર્ગ પર ભારે વરસાદને કારણે જમીન ધસી પડતાં આઠ લોકોના મોત અને ત્રણ લોકો ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. ભૂસ્ખલનને કારણે માર્ગ બંધ થઈ

ગયો હતો અને આ વિસ્તારના મકાનોને નુકસાન થયું હતું. ઉપરાંત ત્રણ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્લાન્ટની કામગીરી પણ ખોરવાઈ હતી.

## Agnipath Scheme

અગ્નિપથ યોજનાને સૈનિક સન્માન યોજના તરીકે પુનઃ રજૂ કરવામાં આવી હોવાનો દાવો કરતા વોટ્સએપ સંદેશાને સરકારે ખોટાં ગણાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે ફરજનો સમયગાળો લંબાવીને સાત વર્ષ, 60 ટકા કાયમી સ્ટાફ અને પગાર વધારા સહિતનાં કેટલાંક ફેરફારો સાથે અગ્નિપથ યોજના પુનઃ રજૂ કરાઈ હોવાના સંદેશા ફરી રહ્યા છે. માહિતી સંચાર બ્યુરોએ સ્પષ્ટતા કરી છે કે કેન્દ્ર સરકાર દ્વારા આવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી...

## T20 WORLD CUP CRICKET

ટી-20 વિશ્વ કપ ક્રિકેટમાં શ્રીલંકાએ આજે સવારે સેન્ટલુસિયામાં દારેન સ્વામી નેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે નેધરલેન્ડ્સને 83 રને હરાવીને ગ્રૂપ ડીની મેચમાં એક માત્ર વિજય મેળવ્યો છે. 201 રનના લક્ષ્યાંકનો પીછો કરતા નેધર્લૅન્ડ્સ 16.4 ઓવરમાં 118 રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું..

અન્ય એક મેચમાં બાંગલાદેશે સેઇન્ટ વિન્સેન્ટમાં આર્નોસ વેલે મેદાન ખાતે નેપાળને 21 રને હરાવીને સુપર એઇટમાં પ્રવેશ કર્યો છે. પ્રથમ બેટિંગ કરતા બાંગલાદેશે 19.3 ઓવરમાં 106 રને ઓલઆઉટ થઈ ગયું હતું, જ્યારે લક્ષ્યનો પીછો કરતા નેપાળ 19.2 ઓવરમાં 85 રનમાં

ઓલઆઉટ થઈ ગયું હતું. ટી ટ્વેન્ટી વિશ્વકપમાં આ સૌથી નીચો સ્કોર છે. બાંગલાદેશ સુપર એઇટમાં પ્રવેશતા નેધરલેન્ડ્સ ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયું છે.